સરકારી અર્ધસરકારી અને ખાનગી નોકરી કરતી
મહિલાઓની જાતિય સતામણી અટકાવવા
ઉચ્ચકક્ષાની સમિતિની પુન: રચના કરવા બાબત.

S. J. & E. DEPTT.
IWDMS No.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૪૪૬-છ.
સચિવાલય, ગાંધીનગર.

તા. -૭-૨૦૧૨
6 JUL 2012

વંચાણે લીધા :-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧-૧૨-૯૮નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૯૭-૧૮૯૭-(૧) (પાર્ટ.૨) સંકલન.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૬-૩-૯૯નો ઠરાવ: ક્રમાંક: પરચ-૧૦૯૭-૧૮૯૭-(ભાગ-૨) ચ.૧

(3) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૯-૬-૨૦૦૫નો ઠરાવ ક્રમાંક:પરચ-૧૦-૨૦૦૫-૪૪૬-છ

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૨૮-૧૨-૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:પરચ-૧૦-૨૦૦૫-૪૪૬-છ

સુધારા ઠરાવ:-

આમુખમાં જણાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૯૮ના ઠરાવથી સરકારી અર્ધસરકારી અને ખાનગી નોકરી કરતી મહિલાઓની જાતિય સતામણી અટકાવવા ઉચ્ચ ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવેલ છે. આ ઉપરાંત નામ. સુપ્રીમકોર્ટની માર્ગદર્શક સુચનાઓ અન્વયે સચિવાલય કક્ષાએ પ્રત્યેક વિભાગમાં આવી સમિતિની રચના કરવાની રહે છે. તે મુજબ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૪) થી સમિતિની નિમણુક કરવામાં આવેલ છે.

બદલી,બઢતી વગેરે કારણોસર સમિતિની પુન: રચના જરૂરી બનેલ છે. આથી નીચે મુજબ સમિતિની પુન: રચના કરવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | અધિકારીનું નામ અને હોદ્દો | સમિતિનો હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રીમતી જે.વી.દેસાઇ, ઉપસચિવ ( અ.જા.ક ) સામાજીક ન્યાય અને અધિ. વિભાગ | અધ્યક્ષ |
| ૨ | કુ.દિપલ આર.હડિયલ, સેકશન અધિકારી, સામાજીક ન્યાય અને અધિ. વિભાગ | સભ્ય સચિવ |
| 3 | શ્રીમતી જી.ટી.પટેલ, નાયબ સેકશન અધિકારી., સામાજીક ન્યાય અને અધિ. વિભાગ | સભ્ય |
| ૪ | શ્રીમતી કે.આર.પરમાર,નાયબ સેકશન અધિકારી,, સામાજીક ન્યાય અને અધિ. વિભાગ | સભ્ય |

૨. સભ્ય સચિવે ઉકત સમિતિની બેઠકો બોલાવવી તેને આનુષાંગીક કાર્યવાહી જેવી કે સમિતિને વિગતો પુરી પાડવી,એજન્ડા તૈયાર કરવા , કાર્યવાહી નોંધો તૈયાર કરવી વગેરે બાબતોની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) આ સમિતિનું કાર્યક્ષેત્ર સામાજીક ન્યાય અને અધિ. વિભાગ,સચિવાલય,ગાંધીનગર પુરતું રહેશે.

(૨) સમિતિમાં નિયુકત પામેલા અધિકારીઓ ( અધ્યક્ષ સહિત ) ની પ્રથમ મુદત બે વર્ષની રહેશે. અને પુનઃ નિયુકિત માટે પાત્ર રહેશે.

(૩) કોઇ સભ્ય, નિયુકિતની અવધિની સમાપ્તિ પૂર્વે સમિતિના સભ્ય પદથી દૂર થાય તો તેના અનુગામી તરીકે જે તે ક્ષેત્રમાંથી સભ્યની નિયુકિત કરવામાં આવશે.

(૪) આ સમિતિની બેઠક દર મહિને સમિતિના અધ્યક્ષશ્રી નકકી કરે તે સ્થળે અને સમયે મળશે.

(૫) સમિતિ તેને મળેથી ફરિયાદો પર ચર્ચા વિચારણા કરશે અને તેના નિવારણ અંગે યોગ્ય પગલાં લેવા સરકારને જરૂરી ભલામણો કરશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

૧. માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા અને અધિ. વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
૨. માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ.
૫. સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
૬. સા.ન્યા. અને અધિ. વિભાગના તમામ ખાતાના વડાશ્રીની કચેરી/બોર્ડ/કોર્પોરેશનની કચેરીઓ.,
૭. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
૮. સામાન્ય વહીવટ વિભાગની સંકલન શાખા
૯. સમિતિના અધ્યક્ષશ્રી, સભ્ય સચિવશ્રી, સર્વ સભ્યશ્રીઓ
૧૦ આ વિભાગની સર્વ શાખાઓ/ અધિકારીઓ
૧૧. વિભાગની સંકલન શાખા (ચ) શાખા, ખાતાના વડાની કચેરીઓને જરૂરી કાર્યવાહી હાથ ધરવાની વિનંતી સહ.
૧૨. સીલેકટ ફાઇલ.